**: પરિપત્ર :**

ક્રમાંક/મઉમશબ/સંશોધન/૨૦૨૧/ ૧૩૫૭ - ૧૪૦૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.તા.૧૧/૦૧/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
ગુજરાત રાજય.

વિષય :- **COVID-19** ની મહામારી બાદ શરૂ થયેલ શાળાઓમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની ઓનલાઈન હાજરી બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, COVID-19 ની મહામારી બાદ રાજય સરકાર દ્વારા તા.૧૧/૦૧/૨૦૨૧ થી શાળાઓમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વર્ગો શરૂ કરવા જણાવવામાં આવેલ તેના અનુસંધાને તા.૧૧/૦૧/૨૦૨૧ થી શાળાઓ શરૂ થયેલ છે. જે ખુબજ મહત્વની બાબત છે.

રાજયની તમામ શાળાઓ દ્વારા સામાન્ય સંજોગોમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરી **Online Attendance Portal** ઉપર દરરોજ નિયમિત અપલોડ કરવાની કામગીરી થતી હતી તે મુજબ દરેક શાળાઓએ હાલમાં ચાલુ થયેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વર્ગોના વિદ્યાર્થીઓની હાજરીની વિગતો **Online Attendance Portal** પર બિનચૂક શાળા શરૂ થયાના સમય પછી તરતજ અપલોડ કરવાની રહેશે. જેની નોંધ લેશો.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના :-

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ શાળાઓને જાણ કરવા તેમજ આપશ્રીની કચેરીના અધિકારીશ્રીઓને તેઓના તાબા હેઠળની શાળાઓ **Online Attendance Portal** પર હાજરી નિયમિત રીતે અપલોડ કરે તે સુનિશ્ચિત કરવા સુચના આપવા સારૂ.

D:\HITESH\WORD FILE\BISAG LETTER FOR SCHOOL AND TEACHER REG.DOCX